–:: હુકમ ::– ફો.કે.ન.૩૦૭૯ /૨૦૨૨

આરોપીની ગુના કબુલાત પુરશીષ ધ્યાને લીધી. પ્રોહી. એકટની કલમ ૬૬ ૧ બી ના પ્રબંધો પણ ધ્યાને લીધા. તેમાં પ્રંબધીત કથીત સજાની તથા દંડની જોગવાઈ ધ્યાને લીધી છે. આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તે ગરીબ માણસ છે, તેનો આ પ્રથમ ગુનો છે. કુટુંબના તમામ સભ્યોની જવાબદારી તેના પર છે. આથી જો તેને કાયદામાં દર્શાવેલ વધુમા વધુ સજા ફરમાવવામાં આવે તો મોટી હેરાનગતિ માંથી પસાર થવુ પડે. જેથી માનની.ગુજરાત હાઈકોર્ટના ન્યાયનિર્ણય ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠાકોરના ચુકાદાના સોનેરી સિધ્ધાંતોને અનુસરતા કાયદામાં દર્શાવેલ ઓછામાં ઓછી સજા ના કરતા ફકત દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવી જોઈએ. તેવું મારૂ માનવું છે અને જેથી નીચે મુજબનું ફમરમાન કરૂ છું.

–:: હુકમ ::–

આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ના પ્રંબધોને અનુલક્ષીને ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ ૬૬ ૧ બી મુજબના ગુનામાં તકસીરવાર ઠેરવી રૂા.૧૦૦/(અંકે રૂપિયા..સો પુરા ) દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો ૫. દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે. મુદામાલ વાહન–મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે આથી કાયમી કરવામાં આવે છે તેમજ બાકિ રહેતા મુદ્દામાલ સંદર્ભે ઈન્કવાયરી કરી નિકાલ કરવો. આરોપીએ અગાઉ રજુ કરેલા જામીનખત અને જામીન મુચરકો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૪૩૭–એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ હુકમ ૪/ ૭/ ૨૦૨૩ ના ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Trivedi 04/7/2023.

( આનંદભાઈ હર્ષદભાઈત્રિવેદી )
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા
( જી.જે.૦૧૩૨૫ )

દંડ/પેનલ્ટી પાવતી નં. 84 થી
રૂા. 100/- જમા લીધેલ છે.
તા. 04/07/ ૨૦૨3

નાઝર,
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ
રાજુલા.

Scanned with OKEN Scanner